*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 02

## ચીફ જસ્ટિસ અને RTI




- ચર્ચામાં શા માટે ?
- શું છે RTI અધિનિયમ ?
- આ ચુકાદા વિશે


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-02નો**
**વીડિયો જોવા માટે અહીં CLICK કરો**

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110




- 13 નવેમ્બર, 2019ના રોજ સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ, 'ભારતના મુખ્ય ન્યાયાધીશ એટલે કે Chief Justice of India(CJI)નું કાર્યાલય એ RTIના અધિનિયમ અંતર્ગત આવે છે.'
- આ નિર્ણય ચિફ જસ્ટિસ રંજન ગોગોઈની અધ્યક્ષતાવાળી એક બંધારણીય બેન્ચ દ્વારા આપવામાં આવ્યો છે.
- આ બંધારણીય બેન્ચના સભ્યો :-ચિફ જસ્ટિસ રંજન ગોગોઈ
  -જસ્ટિસ એન.વી. રમના(રમ્મના)
  -જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ
  -જસ્ટિસ દીપક ગુપ્તા
  -જસ્ટિસ સંજીવ ખન્ના
- સુપ્રીમ કોર્ટના આ નિર્ણય મુજબ, 'ભારતના મુખ્ય ન્યાયાધીશ એ RTI હેઠળ આવતી પબ્લીક ઓથોરિટી (જાહેર સંસ્થા) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું છે RTI અધિનિયમ ? :-

- RTIનું પૂરું નામ 'Right to Information' છે અર્થાત્ 'માહિતીનો અધિકાર.'
- ભારતમાં વર્ષ 2005માં માહિતીના અધિકારનો અધિનિયમ સંપૂર્ણ રીતે પસાર થયો હતો અને અમલમાં આવ્યો હતો.
- આ અધિનિયમ દ્વારા લોકોને માહિતી પૂરી પાડવા માટે સરકારના દરેક વિભાગમાં માહિતી અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે છે.

- જો કોઈ નાગરિક દ્વારા માહિતી માંગવા માટે અરજી કરવામાં આવે તો માહિતી પૂરી પાડવાનો સમયગાળો 30 દિવસનો છે. પરંતુ જો માહિતી વ્યકિતના જીવન કે સ્વતંત્રતાને ધ્યાનમાં લેતી હોય તો તેની સમય સીમા 48 કલાકની રહેશે.
- આ અધિનિયમ અંતર્ગત કેન્દ્રિય માહિતી આયોગ અને રાજ્ય માહિતી આયોગની સ્થાપના કરવામાં આવી છે.
- માહિતી અધિકારની કલમ-8 અંતર્ગત અમુક માહિતીઓ બાકાત રાખવામાં આવી છે જેમાં વ્યકિતગત સલામતી, રાષ્ટ્રીય સુરક્ષા અથવા સાર્વભૌમત્વ, ભારતના વિદેશી સંબંધો વગેરે જેવાં વિષયોનો સમાવેશ થાય છે.

## આ ચુકાદા વિશે :-

- બંધારણીય બેન્ચ દ્વારા આ કેસની સુનવણી એપ્રિલ મહીનામાં કરવામાં આવી હતી ત્યારે તેનો ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.
- સુપ્રીમ કોર્ટે બંધારણના અનુચ્છેદ 124 હેઠળ આ નિર્ણય લીધો છે.
- સુપ્રીમ કોર્ટ દ્વારા આ કેસમાં દિલ્હી હાઈકોર્ટે આપેલાં ચુકાદાને માન્ય રાખવામાં આવ્યો છે.
- સુપ્રીમ કોર્ટે આ ચુકાદો આપતાં જણાવ્યું છે કે, 'RTIનો ઉપયોગ સર્વેલન્સ અર્થાત્ દેખરેખની પ્રક્રિયાઓ માટે થવો જોઈએ નહિ.'
- સુપ્રીમ કોર્ટે RTIને માન્યતા આપતાં જણાવ્યું છે કે, 'ચિફ જસ્ટિસની ઓફિસ એ RTIના કાર્યક્ષેત્રમાં આવશે પરંતુ આ દરમિયાન ઓફિસની ગુપ્તતા પણ જળવાઈ રહેશે.'
- જસ્ટિસ સંજીવ ખન્નાએ જણાવ્યું છે કે, 'ન્યાયતંત્રની 'સ્વતંત્રતા' અને 'પારદર્શિકતા' એકબીજાને સાથે ચાલવી જોઈએ.'

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT